# <u>સિધ્ધપુરના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>

**ફો.કેસ નં. ૨૪૦૫/૨૦૨૫**

**આંક:૦૧ લગત હુકમ**

**આરોપી:- જોસનાબેન ચંદનજી ઠાકોર**

આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એફ) મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

ગુનાની સજાની જોગવાઈ ઘ્યાને લેતાં, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એફ) માં ઓછામાં ઓછી એક લાખના દંડની જોગવાઈ છે. પરંતુ નામ. સુપ્રીમ કોર્ટ ઘ્વારા (૧) મઘ્ય પ્રદેશ રાજય વિ.મુન્ના ચૌબો તથા અન્ય તેમજ (૨) મઘ્ય પ્રદેશ રાજય વિ. ઘનશ્યામસિંઘ (રીપોટેડ ૨૦૦૩ (૮) એસ.સી.સી. ૧૩) તથા નામ.ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા (૩) ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં જણાવવામાં આવેલ છે કે નામ.કોર્ટને ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરવાની સત્તા છે. હાલના કેસના સંજોગો જોતાં, આરોપી દેશીદારૂ બનાવવાના આથા સાથે પકડાઈ જતાં, તેમની સામે સબબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આજરોજ આરોપી હાજર રહી કેસ કબુલ કરવા માંગતા હોય, તેમજ આરોપી ઘ્વારા જણાવવામાં આવેલ છે કે તેઓ આ ગુનો રાજીખુશીથી અને સ્વૈચ્છીક રીતે કબુલ કરે છે. અમો મજુર વર્ગના તેમજ ગરીબ વર્ગના માણસ છીએ. તેમજ અમારા કુટુંબનુ ભરણપોષણની જવાબદારી અમારા પર હોઈ અમો માંડ માંડ કરીને અમારા કુટુંબનુ ભરણપોષણ કરીએ છીએ. અમો કાયદાથી અજ્ઞાન અને અભણ છીએ અને હાલ અમારા કપરા સંજોગો ચાલતા હોઈ અમારી સામેના આ ગુનામાં કસુર બદલ અમો માફી ચાહીએ છીએ, ફરી વખત આવુ ન બને તેની અમે તકેદારી રાખીશું, અમારી ઉપર રહેમ રાખી ઓછી સજા કરવા મહેરબાની કરશોજી.

જે તમામ હકીકત તથા સંજોગો ઘ્યાને લેતાં આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એફ) મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/-(અંકે રૂપીયા એકસો પુરા) દંડ નો હુકમ કરવામાં આવે છે. તેમજ જો દંડની રકમ ન ભરેતો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.
કોડ નં.જીજે-૦૦૮૭૭